* K - 2 5 3 6 *

# K-2536

## First Year B. Com. (Sem. II) Examination
### September / October – 2012
## Financial Accounting - II

Time : 3 Hours] [Total Marks : 70

**સૂચના :**

(૧)

| નીચે દર્શાવેલ ☛ નિશાનીવાળી વિગતો ઉત્તરવહી પર અવશ્ય લખવી.<br>Fillup strictly the details of ☛ signs on your answer book. | Seat No.: |
|---|---|
| Name of the Examination :<br>☛ FIRST YEAR B. COM. (SEM. 2) | |
| Name of the Subject :<br>☛ FINANCIAL ACCOUNTING - 2 | |
| ☛ Subject Code No. : 2 5 3 6 ☛ Section No. (1, 2,.....) : Nil | Student's Signature |

(૨) પ્રશ્ન નં. ૧ ફરજિયાત છે.

(૩) જવાબના ભાગરૂપે જરૂરી ગણતરી દર્શાવો.

૧ નીચેનાનો જવાબ આપો : ૧૦

(૧) આડતિયાએ રૂ. ૩૦,૦૦૦નો માલ ઉધાર વેચ્યો છે. આ પૈકી રૂ. ૬,૦૦૦નો એક દેવાદાર નાદાર થતાં તેના તરફથી રૂપિયે ૩૦ પૈસા મળ્યા છે.

જો આસામી આડત ૪% આપવામાં આવી હોય ત્યારે અને આસામી આડત ન અપાઈ હોય ત્યારે માલધણીના ચોપડે આમનોંધ લખો.

(૨) ૨૦૧૧ના વર્ષ દરમિયાન રૂ. ૨૫૦૦ મુખ્ય ઑફિસ તરફથી શાખાને પેટા રોકડ તરીકે મોકલ્યા. શાખાની પેટા રોકડ ખાતાની શરૂઆતની અને આખરની સિલક અનુક્રમે રૂ. ૨૫૦ અને રૂ. ૫૫૦ હતી.

શાખા ખાતે અને શાખાના નફા - નુકસાન ખાતે ઉધારવાની રકમ જણાવો.

(૩) ઉદયે ઉષા પાસેથી એક યંત્ર ભાડે ખરીદ પદ્ધતિથી તા. ૧-૪-૨૦૦૯ના રોજ ખરીદ્યું. કરાર વખતે રૂ. ૨,૦૦,૦૦૦ અને દરેક વર્ષને અંતે રૂ. ૨,૦૦,૦૦૦નો એક એવા ત્રણ વાર્ષિક હપતા ચૂકવવાના છે. ઉષા વાર્ષિક ૫% વ્યાજ વસૂલે છે.

એન્યુઈટીની ત્રણ વર્ષ માટે વાર્ષિક ૫%ના વ્યાજની તૂર્ત કિંમત રૂ. ૨.૭૨૩૨૫ છે. યંત્રની રોકડ કિંમત શોધો.

(૪) નીચેના ધંધાઓ પૈકી કયા ધંધામાં સંયુક્ત સાહસ અપનાવી શકાય ?

- કૉલેજ મકાનનું બાંધકામ
- ફિલ્મ વિતરણ
- પેપર મિલ
- સ્ટીલ ફેક્ટરી
- જૂનાં પુસ્તકોનું ખરીદ-વેચાણ
- શેરની બાંયધરી.

૨ આશાએ શંસય લિ. પાસેથી એક મોટર તા. ૧-૪-૨૦૦૮ના રોજ ભાડે ખરીદ પદ્ધતિથી ખરીદી. કરાર પર સહી કરતી વખતે રોકડ કિંમતના ૩૩.૩૩% ચૂકવ્યા. બાકીની રકમ વાર્ષિક ૧૫% વ્યાજ સહિતના ચાર અર્ધવાર્ષિક હપતામાં નીચે મુજબ ચૂકવી :

| | રૂ. |
|---|---|
| તા. ૩૦.૯.૨૦૦૮ | ૪૩,૫૦૦ |
| તા. ૩૧.૩.૨૦૦૯ | ૯૧,૨૫૦ |
| તા. ૩૦.૯.૨૦૦૯ | (?) |
| તા. ૩૧.૩.૨૦૧૦ | ૨૬,૮૭૫ |

તા. ૩૧-૩-૨૦૧૦ના રોજ મોટરના ઘસારાની આમનોંધ નીચે મુજબ છે :

ઘસારા ખાતે : ઉ. ૧૯૬૮૩

તે મોટર ખાતે : ૧૯૬૮૩

આશા ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક ૧૦% ઘસારો ગણે છે. ઉપરની વિગતો પરથી આશાના ચોપડામાં તૈયાર કરો.

(૧) શંસય ટ્રેડર્સનું ખાતું

(૨) મોટર ખાતું

(૩) વ્યાજ ખાતું

**અથવા**

૨ તૃષાએ તૃપ્તિ પાસેથી એક મોટર તા. ૧-૪-૨૦૦૮ના રોજ ખરીદી. ચુકવણી નીચે પ્રમાણે હતી :

| તારીખ | રૂપિયા |
|---|---|
| ૧-૪-૨૦૦૮ ............. | ૧,૦૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૦૯ ............... | ૯૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૦ ............... | ૮૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૧ ............... | ૭૦,૦૦૦ |
| ૩૧-૩-૨૦૧૨ ............... | ૬૦,૦૦૦ |

પુરાંત પર વ્યાજ ૨૦%ના વાર્ષિક દરે દરેક વર્ષે ગણવામાં આવશે. ઘસારો ૧૦%ના દરે ઘટતી જતી બાકીની રીતે ગણેલ છે.

મોટરનું ખાતું અને તૃષાના ચોપડામાં તૃપ્તિનું ખાતું તૈયાર કરો.

૩ નીલે કરાર પ્રમાણે ૧-૪-૨૦૧૦ના રોજથી ઝીલને કેમિકલ મોકલવાનું શરૂ કર્યું. બે વર્ષની વિગતો નીચે પ્રમાણે છે :

| | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|
| મોકલેલ કેમિકલ (કિલો.) | ૮૦૦ | ૧,૨૦૦ |
| કિલોદીઠ કિંમત | રૂ. ૧૦૦ | રૂ. ૧૨૦ |
| નીલે ચૂકવેલ ખર્ચ | રૂ. ૨,૦૦૦ | રૂ. ૩,૦૦૦ |
| ઝીલે ચૂકવેલ જાહેરાત ખર્ચ | રૂ. ૪,૦૦૦ | રૂ. ૬,૦૦૦ |
| વેચાયેલ કેમિકલ (કિલો.) | ૭૦૦ | ૧,૦૦૦ |
| કિલોદીઠ ભરતિયા કિંમત | રૂ. ૧૨૦ | રૂ. ૧૫૦ |

કમિશનનો દર ૫% છે. કેમિકલ ભરતિયા કિંમતે વેચવામાં આવે છે.
બંને વર્ષ માટે કરાર ખાતું અને કરાર સ્ટોક ખાતું તૈયાર કરો.

**અથવા**

૩ અમદાવાદના અમૃતે વાપીના વસંત પર આડતથી માલ વેચવા મોકલ્યો હતો. વસંત પાસેથી મળેલ વેચાણ આંકડા પરથી માલૂમ પડ્યું કે ભરતિયા કિંમત કરતાં ૧૦% વધુ કિંમતે કરેલ વેચાણ એ ભરતિયા કિંમતે કરેલ વેચાણના ૪૪% જેટલું હતું. ભરતિયા કિંમત મૂળકિંમત પર ૨૫% નફો ચઢાવી નક્કી કરેલ હતી. વસંતે રૂ. ૫૦૦૦ જેટલો ખર્ચ કર્યો હતો, જે પૈકી રૂ. ૧૮૦૦નો ખર્ચ આવર્તક ખર્ચ છે. અમૃતનો માલ મોકલવાનો ખર્ચ રૂ. ૨૪૦૦ છે. વસંતે તેની પાસેની લેણી રકમ રૂ. ૪,૧૧,૬૫૦ અમૃતના કોર બેંકિંગ ખાતામાં ભરી દીધી, જે તેણે કરેલ ખર્ચ, કુલ વેચાણ પર ૫% કમિશન, ઘાલખાધ રૂ. ૮૫૦ અને તેણે સ્વીકારેલી દેવી હૂંડીના રૂ. ૧૦,૦૦૦ બાદ કર્યા પછીની બાકી રકમ અંગેના હતા.

વસંત પાસે તા. ૩૧-૩-૨૦૧૨ના રોજ નહિ વેચાયેલ માલની પડતર રૂ. ૫૦,૦૦૦ હતી.

અમૃતના ચોપડામાં આડતમાલ ખાતું અને આડતિયાનું ખાતું તૈયાર કરો.

૪ સુરતના સુરેશ ટ્રેડર્સની સુરેન્દ્રનગરમાં એક સ્વતંત્ર શાખા છે. આ શાખાનું તા. ૩૧-૩-૨૦૧૦ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે :

| *ઉધાર બાકીઓ* | *રૂ.* | *જમા બાકીઓ* | *રૂ.* |
|---|---|---|---|
| દેવાદારો | ૧,૫૦,૦૦૦ | મુખ્ય ઑફિસનું ખાતું | ૨,૦૦,૦૦૦ |
| સ્ટોક (૧.૪.૨૦૧૧) | ૬૦,૦૦૦ | લેણદારો | ૯૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| ખરીદી | ૪,૦૦,૦૦૦ | વેચાણ | ૬,૦૦,૦૦૦ |
| ભાડું | ૨૦,૦૦૦ | કમિશન | ૧૦,૦૦૦ |
| કરવેરા | ૩૦,૦૦૦ | | |
| પગાર | ૮૦,૦૦૦ | | |
| ઑફિસ ખર્ચ | ૩૦,૦૦૦ | | |
| બેંક સિલક | ૩૦,૦૦૦ | | |
| કાયમી મિલકતો | ૧,૦૦,૦૦૦ | | |
| | *૯,૦૦,૦૦૦* | | *૯,૦૦,૦૦૦* |

***વધારાની માહિતી :*** -

(૧) તા. ૩૧-૩-૨૦૧૨ના રોજ શાખાનો સ્ટોક રૂ. ૮,૦૦૦ હતો.

(૨) શાખાનું ફર્નિચર ખાતું મુખ્ય ઑફિસના ચોપડામાં રાખવામાં આવે છે. શાખાના ફર્નિચરના ઘસારા તરીકે રૂ. ૧૦૦૦ માંડી વાળવાના છે.

(૩) મુખ્ય ઑફિસે રૂ. ૫૦૦૦ની કિંમતનો માલ શાખાને મોકલેલ છે જે શાખાને તા. ૩૧-૩-૨૦૧૨ સુધી મળેલ નથી.

(૪) તા. ૨૮-૩-૨૦૧૦ના રોજ શાખાએ રૂ. ૪૦૦૦ની રોકડ મુખ્ય ઑફિસને મોકલેલ છે, જે મુખ્ય ઑફિસને તા. ૨-૪-૨૦૧૨ના રોજ મળેલ છે.

ઉપરની વિગતોના આધારે તૈયાર કરો :

(અ) શાખાના ચોપડામાં વર્ષ ૨૦૧૧-૧૨ના વાર્ષિક હિસાબો.

(બ) મુખ્ય ઑફિસના ચોપડે શાખા ખાતું.

**અથવા**

૪ તા. ૩૧-૩-૨૦૧૨ના રોજ નવસારી શાખાનું કાચું સરવૈયું નીચે મુજબ હતું :

| *વિગત* | *ઉધાર બાકી* | *જમા બાકી* |
|---|---|---|
| સ્ટોક (૧.૪.૨૦૧૧) | ૪૦,૦૦૦ | |
| ફર્નિચર | ૧૨,૦૦૦ | |
| દેવાદારો | ૧૮,૦૦૦ | |

| | | |
|---|---|---|
| લેણીહૂંડી | ૧૦,૦૦૦ | |
| મુખ્ય ઑફિસથી મળેલ માલ | ૮૦,૦૦૦ | |
| ઑફિસ ખર્ચ | ૧૨,૦૦૦ | |
| બેંક સિલક | ૮,૦૦૦ | |
| રોકડ સિલક | ૧,૦૦૦ | |
| મોટર | ૧૦,૦૦૦ | |
| સુરત મુખ્ય ઑફિસનું ખાતું | - | ૬૫,૦૦૦ |
| વેચાણ | - | ૧,૨૪,૦૦૦ |
| લેણદારો | - | ૨,૦૦૦ |
| | ***૧,૯૧,૦૦૦*** | ***૧,૯૧,૦૦૦*** |

તા. ૩૧-૩-૨૦૧૨ના રોજનો સ્ટોક રૂ. ૨૨,૦૦૦ હતો.

તે તારીખે સુરત મુખ્ય ઑફિસના ચોપડે શાખા ખાતાની ઉધાર બાકી રૂ. ૮૦,૦૦૦ હતી. સુરત ઑફિસે નવસારી શાખાને મોકલેલ રૂ. ૧૦,૦૦૦નો માલ તા. ૩૧-૩-૨૦૧૦ સુધી પહોંચેલ નથી. નવસારી શાખાએ સુરત ઑફિસને મોકલેલ રૂ. ૫,૦૦૦ તા. ૨-૪-૨૦૧૦ના રોજ મળેલ છે.

શાખાના વાર્ષિક હિસાબો તૈયાર કરો. શાખાના ચોપડામાં સુરત મુખ્ય ઑફિસનું ખાતું અને મુખ્ય ઑફિસના ચોપડામાં નવસારી શાખાનું ખાતું તૈયાર કરો.

૫ નયન અને નિધિ ૨ : ૧ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચી લેવાની શરતે એક સંયુક્ત સાહસમાં તા. ૧-૭-૨૦૧૧ના રોજ જોડાયાં. એવું નક્કી કરવામાં આવ્યું હતું કે નયનને તેણે કરેલ વેચાણ પર ૫% લેખે કમિશન આપવું અને નિધિને માસિક રૂ. ૧૨,૦૦૦ લેખે પગાર આપવો.

નયન અને નિધિ અનુક્રમે રૂ. ૧,૦૦,૦૦૦ અને ૧,૫૦,૦૦૦ રોકડા રોક્યા, જે તેમણે સંયુક્ત બેંક ખાતામાં ભર્યા.

નયને રૂ. ૧,૨૦,૦૦૦ની કિંમતનો માલ ખરીદ્યો અને તેનાં નાણાં સંયુક્ત બેંક ખાતામાંથી ચૂકવ્યાં. ખર્ચના રૂ. ૩૦૦૦ અંગત નાણાંમાંથી ચૂકવ્યાં. નિધિએ રૂ. ૯૦,૦૦૦ની કિંમતનો માલ ખરીદ્યો તેનાં નાણાં સંયુક્ત બેંક ખાતામાંથી ચૂકવ્યાં. ખર્ચના રૂ. ૨૦૦૦ અંગત નાણાંમાંથી ચૂકવ્યા. નયને રૂ. ૫૦,૦૦૦નો માલ યામિની પાસેથી શાખ પર ખરીદ્યો.

સંયુક્ત બેંક ખાતામાંથી ચૂકવેલ ખર્ચા :

| | રૂ. |
|---|---|
| મજૂરી........................................ | ૧૦,૦૦૦ |
| ભાડું ............................................ | ૬,૦૦૦ |
| પરચૂરણ ખર્ચા.................................... | ૫,૦૦૦ |

નયન અને નિધિએ વેચેલ માલ અનુક્રમે રૂ. ૨,૧૦,૦૦૦ અને રૂ. ૨,૨૦,૦૦૦ હતો, તેનાં નાણાં સંયુક્ત બેંક ખાતામાં જમા કરાવ્યાં.

યામિનીને તેણીની લેણી રકમ ૬% વટાવે સંયુક્ત બેંક ખાતામાંથી ચૂકવી દીધી. રૂ. ૪૦,૦૦૦ની કિંમતનો આખરનો સ્ટોક નયને ૧૦% વટાવે લઈ લીધો.

ભાગીદારોએ પોતાના હિસાબો ચૂકતે કર્યા.

તા. ૩૧-૩-૨૦૧૦ના રોજ પૂરા થતા વર્ષ માટે સંયુક્ત સાહસ ખાતું, સંયુક્ત બેંક ખાતું અને ભાગીદારોનાં ખાતાં બનાવો.

**અથવા**

૫ દેવલ અને દવે ૨ : ૩ના પ્રમાણમાં નફો નુકસાન વહેંચવાની શરતે ટાઉનશિપ બાંધવા સંયુક્ત સાહસમાં જોડાયાં. તેઓ મૂડી પેટે અનુક્રમે રૂ. ૫,૦૦,૦૦૦ અને રૂ. ૬,૦૦,૦૦૦ લાવ્યા.

તેઓએ ૧૦,૦૦૦ ચો.મી. જમીન એક ચો.મી.ના રૂ. ૧૦૦ લેખે ખર્ચી, બેંકમાંથી નાણાં ચૂકવ્યાં. અન્ય ખર્ચાઓ નીચે મુજબ ચૂકવ્યા :

| | રૂ. |
|---|---|
| જમીન સમતલ કરવાનો ખર્ચ ..................................... | ૨૫,૦૦૦ |
| મ્યુનિસિપાલિટીના કરવેરા ........................................ | ૧૫,૦૦૦ |

દેવલે ચૂકવેલ ખર્ચા :

ફેન્સીંગ માટે .................................................. ૭૦,૦૦૦

સ્ટેશનરી અને પરચૂરણ ખર્ચ ....................................૫,૦૦૦

ઝાડ કાપવાનો ખર્ચ ...............................................૨,૦૦૦

દવેએ ચૂકવેલ ખર્ચા :

આર્કિટેક્ટ ફી ......................................................૮,૦૦૦

જમીન દસ્તાવેજ ખર્ચ ............................................૫,૦૦૦

જાહેરાત ખર્ચ ................................................. ૨૧,૦૦૦

કાપેલ ઝાડનું લાકડું રૂ. ૧૧,૦૦૦માં રોકડેથી વેચ્યું. જમીનનો ૧/૪ ભાગ જાહેર રસ્તા માટે અને ૧/૧૦ ભાગ કોમન પ્લોટ માટે છોડવામાં આવ્યો. દલાલો મારફતે ૩૦૦ ચો.મી.નો એક એવા ૧૦ પ્લોટ રૂ. ૨૫૦ દર ચો.મી.ના ભાવે રોકડેથી વેચવામાં આવ્યા. દલાલોને વેચાણ કિંમત પર ૫% લેખે દલાલી ચૂકવી. ૩૦૦ ચો.મી.નો એક એવા ૩ પ્લોટ દેવલે અને ૨ પ્લોટ દવેએ પડતર કિંમત પર ૧૦% નફાથી ખરીદ્યા. બાકીના ૨૫૦ ચો.મી.ના એક એવા ૮ પ્લોટ દર ચો.મી. ના રૂ. ૩૨૫ લેખે રોકડેથી વેચ્યા.

જરૂરી ખાતાં તૈયાર કરો.

૬ ટૂંક નોંધ લખો : (ગમે તે ત્રણ) **૧૨**

(૧) આડતમાલ અને વેચાણ વચ્ચેનો તફાવત

(૨) સંયુક્ત સાહસ

(૩) સ્ટોક અને દેવાદાર પદ્ધતિ

(૪) ભાડે ખરીદ પદ્ધતિ

(૫) પરતંત્ર અને સ્વતંત્ર શાખા વચ્ચેનો તફાવત.

## ENGLISH VERSION

**Instructions :** (1) As per the instruction no. 1 of page no. 1.

(2) Question no. 1 is compulsory.

(3) Show necessary working as part of your answer.

1 Answer the following : **10**

(i) Agent has sold a goods worth Rs. 30,000 out of which 30 paise per rupee were recovered from a debtor of Rs. 6000, declared insolvent.

Pass Journal entries in the books of principal, if 4% del-creding commission given and if not.

(ii) During the year 2011, Head Office has sent Rs. 2,500 to branch for petty cash expenses. The opening and closing balances of branch petty cash account are Rs. 250 and Rs. 550 respectively.

What amount should be debited to branch A/c and branch profit and loss account ?

(iii) Uday purchased a machine from Usha on 1.4.2009 on hire-purchase system. On signing the contract Rs. 2,00,000 and Rs. 2,00,000 at the end of each year is to be paid. Usha charge 5% interest.

Present value for three year annuity at 5% interest is 2.72325. Find out cash price of the machine.

(iv) In which of the following business joint venture can be adopted ?

- Construction of college building
- Film distribution

- Paper Mill
- Steel Factory
- Sales and Purchase of old books
- Underwriting of Shares.

2 Asha has purchased a motor on 1.4.2008 from Shansay Ltd. on hire-purchase system and paid 33.33% on signing the contract. Remaining amount is to be paid in four half yearly instalment including 15% interest as follows :

| Date | Rs. |
|---|---|
| 30.9.2008 | 43,500 |
| 31.3.2009 | 91,250 |
| 30.9.2009 | (?) |
| 31.3.2010 | 26,875 |

Journal entries of depreciation on 31.3.2012 is as follows :

Depreciation A/c Dr. 19683

to motor A/c. 19,683

Asha charge 10% depreciation as per written down value method. From the above particular, prepare :

(i) A/c. of Shansay Ltd.

(ii) Motor car A/c

(iii) Interest A/c

**OR**

2 Trusha has purchased from Trupti a motor on 1st April 2008. Payment terms are as follows :

| ***Date*** | ***Rs.*** |
|---|---|
| 1.4.2008 ...................................... | 1,00,000 |
| 31.3.2009 ...................................... | 90,000 |
| 31.3.2010 ...................................... | 80,000 |
| 31.3.2011 ...................................... | 70,000 |
| 31.3.2012 ...................................... | 60,000 |

Interest is to be compute @ 20% per annum on opening balance of each year. Depreciation is to be computed @ 10% as per written down value method.

Prepare motor A/c. and Trupti's Account in the books of Trusha.

3 Neel has started sending Zeel a chemical on consignment from 1.4.2010. Following is the particular of two year :

| | ***2010-11*** | ***2011-12*** |
|---|---|---|
| Chemical sent (kg) | 800 | 1200 |
| Cost per kg | Rs. 100 | Rs. 120 |
| Expenses paid by Neel | Rs. 2000 | Rs. 3000 |
| Advertisement expenses paid by Zeel | Rs. 4,000 | Rs. 6,000 |
| Chemical sold (kg) | 700 | 1,000 |
| Invoice price per kg | Rs. 120 | Rs. 150 |

Rate of commission is 5%. Chemical is to be sold @ invoice price.

Prepare Consignment A/c. and Consignment stock A/c for both year.

**OR**

3 Amrut of Ahmedabad has sent goods on consignment to Vasant of Vapi. From account sale received from Vasant revealed that sales @ 10% more to invoice price is 44% of total sales. Invoice price were determined by adding 25% on cost. Expenses paid by Vasant is Rs. 5,000 out of that expenses Rs. 1,800 is repetitive. Goods sending expenses paid by Amrut is Rs. 2,400. Vasant has deposited his due amount Rs. 4,11,650 in to Core-Banking A/c. of Amrut which is dues after deducting his expenses paid, 5% commission of total sales, Bad debt Rs. 850 and Bills payable accepted Rs. 10,000.

Vasant has unsold goods cost Rs. 50,000 on 31.3.2012.

Prepare Consignment A/c. and Consignee's A/c. in the books of Amrut.

4 Suresh Traders of Surat has a branch in Surendranagar. Trial Balance of the branch as on 31.3.2012 is as follows :

| ***Debit Balance*** | ***Rs.*** | ***Credit Balance*** | ***Rs.*** |
|---|---:|---|---:|
| Debtors | 1,50,000 | Head Office A/c. | 2,00,000 |
| Stock (1.4.2011) | 60,000 | Creditors | 90,000 |
| Purchase | 4,00,000 | Sales | 6,00,000 |
| Rent | 20,000 | Commission | 10,000 |
| Taxes | 30,000 | | |
| Salary | 80,000 | | |
| Office expenses | 30,000 | | |
| Bank Balance | 30,000 | | |
| Fixed Assets | 1,00,000 | | |
| | ***9,00,000*** | | ***9,00,000*** |

*Additional Information :*

(i) On 31.3.2012 stock of the branch were Rs. 8,000.

(ii) Branch furniture A/c. is kept at head office. Rs. 1,000 on branch furniture is to be written off as depreciation.

(iii) Head office has sent goods worth Rs. 5,000 which is not received by branch up to 31.3.2012.

(iv) On 28.3.2012 branch has sent cash Rs. 4,000 which were received by head office on 2.4.2012.

From the above information prepare :

(a) Final A/c. in the books of branch for the year 2011-12.

(b) Branch A/c. in the books of Head office.

**OR**

4 Following is the trial balance of Navsari branch as on 31.3.2012 :

| *Particular* | *Debit Balance Rs.* | *Credit Balance Rs.* |
|---|---|---|
| Stock (1.4.2011) | 40,000 | |
| Furniture | 12,000 | |
| Debtors | 18,000 | |
| Bills receivable | 10,000 | |
| Goods received from H.O. | 80,000 | |
| Office expenses | 12,000 | |
| Bank balance | 8,000 | |
| Cash | 1,000 | |
| Motor | 10,000 | |

| | | |
|---|---|---|
| Surat H.O. A/c. | - | 65,000 |
| Sales | - | 1,24,000 |
| Creditors | - | 2,000 |
| | ***1,91,000*** | ***1,91,000*** |

Stock on 31.3.2012 was Rs. 22,000. At the same date debit balance of branch A/c. in the head office book were Rs. 80,000. Surat Office has sent goods of Rs. 10,000 were not received by Navsari branch up to 31.3.2012. Surat head office has received Rs. 5,000 sent by Navsari Branch on 2.4.2012.

Prepare Final Account of branch. Prepare Head office A/c. in the books of branch and Navsari branch A/c. in the books of Head office.

5 Nayan and Needhi engaged into joint venture on 1.7.2011 to share the profit and loss in the ratio of 2 : 1. It was decided that Nayan will be given 5% commission on his sales and Needhi will be get a monthly salary of Rs. 12,000.

Nayan and Needhi invested Rs. 1,00,000 and Rs. 1,50,000 respectively, which were deposited in Joint bank A/c.

Nayan purchased a goods of worth Rs. 1,20,000 and paid out of joint bank A/c. He paid the expenses Rs. 3,000 from his personal fund. Needhi purchased goods of Rs. 90,000, paid from joint bank A/c. She paid Rs. 2,000 of the expenses from her personal fund.

Nayan has purchased a goods of Rs. 50,000 from Yamini on credit.

Expenses paid out of Joint bank A/c were :

| | ***Rs.*** |
|---|---|
| Wages | 10,000 |
| Rent | 6,000 |
| Misce. expenses | 5,000 |

Sales made by Nayan and Needhi were Rs. 2,10,000 and Rs. 2,20,000 respectively, which were deposited in joint bank A/c.

Yamini were paid @ 6% discount from joint bank A/c closing stock of Rs. 40,000 were taken over by Nayan @ 10% discount.

Partners have settled their accounts.

Prepare Joint venture A/c, Joint bank A/c and Partners A/c. for the year ended 31.3.2012.

**OR**

5 Deval and Dave entered into joint venture in the profit and loss sharing ratio of 2:3 to construct township. They brought Rs. 5,00,000 and Rs. 6,00,000 as capital respectively.

They bought 10,000 sq. meter land @ the rate of Rs. 100 per sq. meter and paid out of joint bank A/c. Other expenses paid as follows :

| | ***Rs.*** |
|---|---|
| Expenses for land levelling | 25,000 |
| Municipal taxes | 15,000 |
| Expenses paid by Deval : | |
| For fencing | 70,000 |
| Stationery and Misc. exp. | 5,000 |
| Expenses of cutting trees | 2,000 |
| Expenses paid by Dave : | |
| Architect fee | 8,000 |
| Land documentation charges | 5,000 |
| Advertisement expenses | 21,000 |

Timber of the tree cutted were sold for Rs. 11,000 for cash. 1/4 of the area were left for public road and 1/10 for common plot. 10 plots of 300 sq. meter were sold through broker @ the Rs. 250 per sq. meter for cash. Brokerage to broker @ 5% of selling price were paid. Deval purchased three plots of 300 sq. meter. Dave purchased two plots @ the price of 10% profit on cost. Other 8 plots of 250 sq. meter @ the rate of Rs. 325 sq. metre were sold for cash.

Prepare necessary accounts.

**6** Write short notes : (any three) **12**

(i) Difference between consignment and sale

(ii) Joint venture

(iii) Stock and debtors system

(iv) Hire-purchase system

(v) Difference between dependent and independent branch.